પરીપત્ર ક્રમાંકઃએસ.એ.જી/સી.ઓ.ઈ/રીવ્યુ ટ્રાયલ/
૨૦૧૫-૧૬/ગ-૬
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં. ૧૪/૩ જો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તા.૧૨/૧૦/૨૦૧૫

## પરીપત્ર

રાજ્ય સરકારના તા.૦૫/૧૦/૨૦૧૩ ઠરાવની જોગવાઈ અન્વયે સ્વામી વિવેકાનંદ બિન નિવાસી પ્રતિભા સંવર્ધન યોજના અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં કેન્દ્ર શરુ કરવામાં આવેલ છે. સ્વામી વિવેકાનંદ એક્સીલન્સી યોજના અંતર્ગત જે તે રમતમાં પસંદગી પામેલ ખેલાડીઓ વિવિધ જિલ્લાઓમાં શરુ કરવામાં આવેલ કેન્દ્રમાં તાલીમ લઈ રહેલ છે. જે તે રમતના એક્સપર્ટ કોચના મંતવ્ય મુજબ પસંદ થયેલ ખેલાડીઓનું દર ત્રણ માસે મુલ્યાંકન (રીવ્યુ ટ્રાયલ) કરવું જરૂરી છે. જેમાં સ્કીલ ડેવલપમેન્ટ અને ફીઝીકલ ફિટનેસનું મુલ્યાંકન કરી જે રમતના ખેલાડીનું પરફોર્મન્સ (એક્સપર્ટ કોચ દ્વારા નક્કી કરેલ પેરામિટર પ્રમાણે) યોગ્ય ન જણાય તેવા ખેલાડીઓને પ્રથમ મુલ્યાંકનમાં માર્ગદર્શન આપવું તેમ છતા જે રમતના ખેલાડીઓ બીજા મુલ્યાંકનમાં પણ સુધારો ન જણાય તો તેવા ખેલાડીઓ, મુલ્યાંકનમાં હાજર ન રહે તેવા ખેલાડીઓનું કારણ જાણી તપાસ કરવી તેમજ જે ખેલાડી વર્ષ દરમ્યાન તાલીમમાં અનિયમિત જણાય તો તેવા ખેલાડીઓને આ યોજનામાંથી બાકાત રાખવાનો અને તેમના સ્થાને અન્ય લાયકાત ધરાવતા (પ્રતિક્ષા યાદી પરના) ખેલાડીઓને પસંદગી પ્રક્રિયામાં અગ્રતા આપી આ યોજનામાં સમાવેશ કરવા નિર્ણય લેવામાં આવેલ છે.

મુખ્ય કોચ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ -**

૧. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૨. હિસાબી અધિકારી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૩. સિનીયર કોચ/હેડકોચ જિલ્લા રમત/પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર. (તમામ)
૪. એક્સપર્ટ કોચ (તમામ) (મારફત સંબધિત સિનીયર કોચ જિલ્લા રમત/પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર)
૫. કોચીંઝ (તમામ રમતના) (મારફત સંબધિત સિનીયર કોચ જિલ્લા રમત/પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર)
૬. ગ-૬ શાખા એસ.એ.જી.કચેરી,ગાંધીનગર
૭. પસંદગી ફાઈલ.